
Reg. No. G-24365
ડૉ.અરમાન એમ. બાયડ B.H.M.S.
ફેમીલી ફીઝીશીયન એન્ડ સર્જન
+ બાયડ ક્લિનિક +
નાના બાળકોથી વૃધ્ધો સુધીના તમામ રોગોની
સચોટ નિદાન અને સારવાર
મદીના નગર, મોટાપીર રોડ ચોકડી, ભુજ.
ફોન : ૯૯૦૯૨ ૨૬૨૫૫ - સમય : સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૯



સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

# ફારૂક FAROOQ

25th YEAR

www.farooqsaptahik.com

POSTAL REGN. No. G-KCH-146/2024-2026

Posting at BHUJ On Every FRIDAY • સાપ્તાહિક



Hooma Tea
એક અચ્છે દિન કી શરૂઆત....
હુમા ચાય કી ચુસ્કી કે સાથ....
હુમા ચા
૧૦૦% નેચરલ સ્વાદ જે આપે તાજગીનો અહેસાસ
F.A. TRADING CO.
મુ. લુણી, તા. મુંદરા, જી. કચ્છ-૩૭૦૪૧૦. કસ્ટમર કેર નં. : ૮૨૩ ૮૨૩ ૭૫૧૫



RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Year - 25th ★ Issue - 16 ★ Jamadi ul Awwal - 12, H. 1446 ★ 15-NOVEMBER-2024, Friday ★ Pages - 4 ★ Price – Rs. 3/- ★ Visit us at : Farooqsaptahik.com

વાર્ષિક લવાજમ – Rs. 150/- ★ 'ફારૂક' સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો : ફારૂક કાર્યાલય, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન : 98253 76396. ★ E-mail : farooqsaptahik@gmail.com


# બુલડોઝર એકશનમાં સરકારી શક્તિઓનું દુરૂપયોગ ન થવું જોઈએ : સુપ્રીમ કોર્ટ

## જમીઅત ઉલમાએ હિન્દની અરજી પર ચૂકાદો સંભળાવતા સુપ્રીમ કોર્ટે બૂલડોઝર એકશન માટે લક્ષ્મણ રેખા ખેંચી

જમીઅત ઉલમાએ હિન્દની અરજી પર ચૂકાદો સંભળાવતા તા. ૧૩–૧૧ ના સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ઘર એક સ્વપ્ન જેવો હોય છે, કોઈનો ઘર તેની અંતિમ સુરક્ષા હોય છે. આરોપીના મામલામાં પૂર્વાગ્રહ બાંધી લેવામાં ન આવે. સરકારી શક્તિનો દુરૂપયોગ ન થવું જોઈએ. સુપ્રીમ કોર્ટે બુલડોઝર એકશનને કાયદાનો ઉલ્લંઘન જણાવ્યું.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, કોઈ પણ બાબતમાં આરોપી હોવા અથવા દોષી ઠેરવ્યા બાદ પણ કોઈનું ઘર તોડવું ઉચિત નથી. અમોએ વિશેષજ્ઞોના મંતવ્યો પર વિચાર કર્યો છે. અમોએ બધા પક્ષોને સાંભળીને નિર્ણય લીધો છે. જરૂરી છે કે કાયદાનો રાજ હોવો જોઈએ. બુલડોઝર એકશન પક્ષપાતી ન થઈ શકે. ખોટી રીતે મકાન તોડવા પર વળતર મળવી જોઈએ. બુલડોઝર એકશનમાં મનસ્વી વલણ સહન કરવામાં નહીં આવે. અધિકારીઓ મનસ્વી રીતે કામ કરી શકતા નથી. જો કોઈ મામલામાં આરોપી એક છે તો આખા પરિવારને સજા શા માટે આપવામાં આવે ? આખા પરિવાર પાસેથી તેનું ઘર છિનવી શકાતું નથી. બુલડોઝર એકશન હકીકતમાં કાયદાનો ભય ન હોવાનું દર્શાવે છે.

બુલડોઝર એકશન પર માર્ગદર્શિકાનું વર્ણન કરતા કોર્ટે કહ્યું કે, બુલડોઝર એકશન બાબતે ઓછામાં ઓછી ૧૫ દિવસની મુદ્દત આપવી જોઈએ. નોડલ અધિકારીએ ૧૫ દિવસ અગાઉ નોટીસ વિધિવત રીતે મોકલવી જોઈએ. આ નોટીસને નિર્માણ સ્થળ પર ચોંટાડવામાં આવે, તેને ડિજિટલ પોર્ટલ પર મૂકવામાં આવે. કોર્ટે આ પોર્ટલ ત્રણ માસમાં બનાવવાનો આદેશ આપ્યો છે. અધિકારીઓ અદાલત તરીકે કામ નથી કરી શકતા. પ્રશાસન જજ નથી થઈ શકતા. કોઈની છત છિનવી લેવી તેના અધિકારોનું હનન છે.

### વલ્લાહો અઅ્લમો

- ❍ પપ્પા !
- ❑ જી, બેટા !
- ❍ ઝારખંડમાં ચૂંટણી પ્રચાર દરમ્યાન હેમંતા બિસ્વા જે રીતે નફરતી ભાષણો કરી રહ્યા છે તેના પરથી નથી લાગી રહ્યું કે તેઓ કાયદા–કાનૂનના વર્તુળોથી પર છે ?
- ❑ વલ્લાહો અઅ્લમો !!

# રણોત્સવ – ૨૦૨૪નું તા. ૧૧–૧૧ થી પ્રારંભ








(જીલ્લા માહિતી કચેરી દ્વારા) ધોરડો રણોત્સવ–૨૦૨૪ નો કચ્છના તોરણ સફેદરણ ખાતે ઉભી કરાયેલી ટેન્ટસીટી ખાતે રંગચંગે તા. ૧૧–૧૧ ના પ્રારંભ કરાયો હતો. પ્રવાસીઓ માટે વિવિધ સુવિધાઓથી સજ્જ ટેન્ટસીટી ખાતે ભારતીય તથા કચ્છી સંસ્કૃતિના વિવિધ આકર્ષણો ઉભ કરાયા છે. જેની ઝલક ટુરીસ્ટોના મન મોહી લેશે.

# શિફા હોસ્પિટલ માટે લખપત તાલુકામાં રૂા. ૬૦ લાખ દાનની જાહેરાત

## શિફા હોસ્પિટલના ટ્રસ્ટીઓ અને લખપત તાલુકા મુસ્લિમ સમાજના પ્રથમ તબક્કાની મીટિંગમાં દાતાઓનો ઉમદા સહયોગ



(ન્યૂઝ ડેસ્ક) તા. ૯–૧૧–૨૪ ના દોલતપર ફાટક નજીક આવેલ તુલસી ફાર્મમાં મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને લખપત તાલુકા મુસ્લિમ સમાજના અગ્રણીઓની મીટિંગ મળી હતી જેમાં લખપત તાલુકાના સખી દાતાઓ દ્વારા **રૂા. ૬૦ લાખ** દાનની જાહેરાત થઈ છે. લખપત તાલુકાના મુસ્લિમ અગ્રણીઓ અને શિફા હોસ્પિટલના ટ્રસ્ટીઓ દ્વારા ટુંક સમયમાં તબક્કાવાર સમગ્ર તાલુકાનો પ્રવાસ કરવામાં આવશે જેમાં સાથ–સહકાર આપવા તમામ ગ્રામવાસીઓને અપીલ કરવામાં આવે છે.

આ મીટિંગમાં મૌલાના સૈયદ અલહાજ ગુલામમુસ્તફાશા હાજી મોહંમદશા (દયાપર), ફરઝંદે મુફતીએ કચ્છ સૈયદ હાજી કાસમશા બાવા, સૈયદ રિઝવાનશા હાજી કાસમશા, સુન્ની મુસ્લિમ હિતરક્ષક સમિતિના પ્રમુખ અબ્દુલભાઈ રાયમા, ટ્રસ્ટના પ્રમુખ હાજીઆદમ ચાકી, ઉપપ્રમુખો હાજીસલીમ જત, હાજીયુસુફ ખત્રી, મંત્રીઓ યુસુફ એ. જત, ઈસ્માઈલ એ. સોનેજી, ટ્રસ્ટીઓ એડવોકેટ સાજિદ માણેક, હાજીસિદ્દીક ત્રાયા, આદમભાઈ પડયાર (ઉપપ્રમુખ, સુન્ની મુસ્લિમ હિત રક્ષક સમિતિ)એ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ખજાનચી હાજી અબ્દુલકરીમ મેમણ, ટ્રસ્ટીઓ હાજી અબ્દુલરશીદ ખત્રી, હાજીસલીમ મેમણ, ટ્રસ્ટના શુભેચ્છક હાજીઈશાક હિંગોરા (નિવૃત્ત PSI) ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ જત અલીમોહમ્મદ (બિટીયારી)એ કરી હતી. કાર્યક્રમનું સંચાલન હુસૈન રાયમા (ઘડુલી)એ કર્યું હતું.

આ સભામાં નીચે મુજબ ડોનેશનની જાહેરાત થઈ છે : **૫,૫૦,૦૦૦/–** પડયાર આદમ હુસૈન (અગાઉ **રૂા. ૫.૫ લાખ** દાન મળેલ છે કુલ દાન **રૂા. ૧૧ લાખ**); **૫,૫૧,૦૦૦/–** હાજીસુલેમાન આમદ બુધા; **૫,૫૧,૦૦૦/–** જત હાજીઝકરીયા હાજીનૂરમામદ (સંઘ્રો); **૫,૫૧,૦૦૦/–** જત મામદ જુંગ (ફુલરા); **૨,૫૧,૦૦૦/–** સુમરા સુમાર હાજીઅબ્દુલ્લા (ફુલરા); **૨,૫૧,૦૦૦/–** રાયમા હુસૈન હાજીઓસમાણ (ખારઈ); **૨,૫૧,૦૦૦/–** રાયમા હાજીઅલી હાજીઈશાક (કોટડા મઢ); **૨,૦૦,૦૦૦/–** મંધરા હાસમ ઉમર (હરોડા); **૨,૦૦,૦૦૦/–** પડયાર કાસમ હાજીહુસૈન (કોટડા મઢ); **૧,૫૧,૦૦૦/–** કુંભાર ઈબ્રાહીમ હારૂન (માતાના મઢ); **૧,૫૧,૦૦૦/–** બંભા સજર સુમાર; **૧,૫૧,૦૦૦/–** રાયમા આદમ જુમા (કોટડા મઢ); **૧,૦૧,૦૦૦/–** મહોબ્બતસિંહ શિવરાજજી જાડેજા (સાંયરા); **૧,૦૧,૦૦૦/–** રબારી પ્રભાતભાઈ ખેત્તાભાઈ (ગાંધીનગર); **૧,૦૦,૦૦૦/–** સૈયદ રજબશા (માતાના મઢ); **૧,૦૦,૦૦૦/–** કુંભાર જાફર હાજીસિદ્દીક (માતાના મઢ); **૧,૦૦,૦૦૦/–** નોતિયાર આદમ મુબારક (દયાપર); **૧,૦૦,૦૦૦/–** કુંભાર કાસમ હાજી જાકબ (માતાના મઢ);

**(અનુસંધાન પાના ૨ ઉપર)**

# માતાના મઢના કુંભાર પરિવારની અનોખી મહેમાનવાઝી



(ન્યૂઝ ડેસ્ક) તા. ૧૨–૧૨–૨૩ ના માતાના મઢ ખાતે કુંભાર હાજી ઈબ્રાહીમ ઉમર પરિવારના ઘેર શકીલના લગ્ન પ્રસંગે શિફા હોસ્પિટલના ટ્રસ્ટીઓને શાદીનું આમંત્રણ પાઠવાયું હતું અને રૂા. ૫૧,૦૦૦/– ટ્રસ્ટને દાન અપાયું હતું. વ્યસ્તતાના લીધે ટ્રસ્ટીઓ માતાના મઢ ખાતે શાદીમાં ઉપસ્થિત રહી ન શક્યા હતા પરંતુ દાન સ્વીકારતી વખતે ખાત્રી આપી હતી કે જ્યારે આ રૂટ પરથી પસાર થવાનું થશે ત્યારે તમારી ચા જરૂર પીશું.

તા. ૯–૧૧–૨૪ના લખપત તાલુકાના પ્રવાસ દરમ્યાન શિફાના ટ્રસ્ટીઓ માતાના મઢ ગામમાંથી પસાર થયા ત્યારે વચન મુજબ કુંભાર ઉમર હાજી ઈબ્રાહીમનું સંપર્ક કર્યું હતું અને તેમના નિવાસસ્થાને ચા પીધી હતી. કુંભાર ઉમરભાઈએ મુલાકાત બદલ ખુશ થઈને પોતાની દાદી મર્હૂમા ભચીબાઈના ઈસાલે સવાબ અર્થે પોતાની પુત્રી શિફાના હસ્તે બીજી વખત રૂા. ૫૧,૦૦૦/– દાન આપ્યું હતું. આ મહેમાન નવાઝી બદલ ટ્રસ્ટીઓએ ખુશી અને આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે શિફાના ટ્રસ્ટીઓ ઉપરાંત કુંભાર ઉમરભાઈ, કુંભાર હાજીઈબ્રાહીમ, કુંભાર નૂરશાબાનુ, યશ શાળાના આચાર્ય અબ્દુલમજીદ કુંભાર, ટ્રસ્ટના શુભેચ્છકો હાજીઈશાક હિંગોરા, સિકંદર ત્રાયા, ઓફિસ મેનેજર મજીદખાન પઠાણ ઉપસ્થિત રહ્યા હતા.

# શિક્ષકો જોઈએ છે (ઓપન ઈન્ટરવ્યુ)

**ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી (મ્યુઝ) સંચાલિત શાળા (અંગ્રેજી માધ્યમ)**

| વિષય | જગ્યા | લાયકાત |
|---|---|---|
| એકાઉન્ટ/આંકડાશાસ્ત્ર/એસ.પી. | ૧ | B.Com. / M.Com./B.Ed. |
| નર્સરી | ૧ | P.T.C./Montessori/Graduate |
| પર્યાવરણ/અંગ્રેજી | ૧ | B.A., B.Ed./P.T.C./D.El.Ed. |
| PT શિક્ષક (સ્ત્રી) | ૧ | B.P.Ed. / D.P.Ed. |
| કલાર્ક / રિસેપ્શનિસ્ટ | ૧ | B.Com./Graduate/Computer Knowledge |
| ચોકીદાર | ૧ | અનુભવી |
| સફાઈ કામદાર | ૧ | કલાસ રૂમ સાફ-સફાઈ માટે |

**ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી (મ્યુઝ) સંચાલિત પ્રાથમિક શાળા (ગુજરાતી માધ્યમ)**

| વિષય | જગ્યા | લાયકાત |
|---|---|---|
| ગણિત | ૨ | D.El.Ed. / B.Sc., B.Ed. |
| વિજ્ઞાન | ૧ | B.Sc., B.Ed. |
| PT શિક્ષક (સ્ત્રી/પુરૂષ) | ૨ | B.P.Ed. / D.P.Ed. |
| પર્યાવરણ / અંગ્રેજી | ૧ | B.A., B.Ed. / P.T.C. / D.El.Ed. |

**પગાર ધોરણ** લાયકાત/કાર્યક્ષમતા મુજબ ઈચ્છુક ઉમેદવારોએ લેખિત અરજી તથા અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂ **તા. ૧૭/૧૧/૨૦૨૪,** રવિવારના **સવારે ૧૦.૦૦ કલાકે** સંસ્થા કચેરીએ ઉપસ્થિત રહેવું.

**સ્થળ : ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી**
ખારસરા મેદાનથી એરપોર્ટ રીંગ રોડ, રેલ્વે ફાટક પાસે, ભુજ-કચ્છ. પીન ૩૭૦૦૦૧.
ફોન : 6352428976.


₹ 77,000/- ❋ 15 દિવસ ડાયરેક્ટ ફલાઈટ
રવાનગી : ૧૬ નવેમ્બર ઈન્શાઅલ્લાહ
અમદાવાદ થી જીદ્દાહ ★ ભુજ થી ભુજ સર્વિસ
મક્કા-મદીનાની મુકદસ ઝિયારતો, કચ્છી મુઅલ્લીમની સાથે તમામ અરકાન, સ્વાદિષ્ટ ભોજન, હેન્ડ બેગ, લગેજ બેગ, લોન્ડ્રી, ૫ લીટર ઝમઝમ.
નૂરે મુજસ્સમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હાફીઝ હાશીમ અત્તારી : 9909726839
મંધરા અકબર ઓસમાણ : 9274313013
અલીભાઈ ખલીફા, મુંદરા : 9978217557



WAY 2 MAP INTERNATIONAL TOURISM
Xplore / Educate / Enjoy...
IATA
હજ એડવાન્સ બુકિંગ 2025
હિલ્ટોન પેકેજ 6,50,000 ₹
ડિલક્ષ પેકેજ 6,00,000 ₹
ડિસેમ્બર ઉમરાહ 2024 ડિલક્ષ પેકેજ
બુકિંગ ચાલુ છે
દિવસ ૧૫ ₹ 85,999/-
દિવસ ૨૦ ₹ 94,999/-
માંડવી થી માંડવી ★ ભુજ થી ભુજ
રમઝાન ઉમરાહ એડવાન્સ બુકિંગ
પહેલા ૨૦ દિવસ ₹1,20,000/-
છેલ્લા ૨૦ દિવસ ₹1,40,000/- ઈદ મદીનામાં
રમઝાન મહિનો (૩૨–૩૪ દિવસ) ₹1,60,000/- ઈદ મદીનામાં
અમારા તરફથી આપવામાં આવતી કિટ
મોટું બેગ, પાસપોર્ટ બેગ, મુસલ્લો, સ્લીપર બેગ, ઉમરાહની કિતાબ, ૯ દાણાવાળી તસ્બીહ, લોન્ડ્રી, ૫ લી. ઝમઝમ, ૩ ટાઈમ કચ્છી અને ગુજરાતી શુદ્ધ ભોજન, અનુભવી ગાઈડ પુરા સફરમાં સાથે રહેશે.
અમારી સર્વિસીસ
મક્કા અને મદીના શરીફની જીયારતો, મસ્જીદે જુરાનાથી ઉમરાહ, તાઈફની જીયારત સાથે ઉમરાહ, મેદાને બદરની જીયારત
ઉમરાહમાં જતા પહેલા ઉમરાહની તરબીયત અને તમામ અરકાનો તથા સફરની તમામ જાણકારી આપવામાં આવશે
એહમદ મેમણ, ભુજ 99987 07032
પરવેઝ શેખ, ભુજ 81405 85252
મહેબુબ બલોચ, માંડવી 88664 62757
અબ્દુલગની જત, ભુજ 99788 62189
ઈમ્તિયાઝ સમા, ભુજ 99747 59494
મહેમુદશા સૈયદ, ધ્રબ-મુંદરા 81606 01699
સૈયદ હકીમશા, સલાયા 95864 36163
અસલમ સોઢા, નલીયા 91066 02051
હેડ ઓફિસ : શોપ નં. ૩, દિતી આર્કેડ, ભાદરકા હોસ્પિટલ સામે, હોસ્પિટલ રોડ, ભુજ. ઈરફાન મેમણ - ૮૪૬૯૧ ૭૧૯૮૪
માંડવી ઓફિસ : કલવાન રોડ, જોશી રોટીવાલાની ઉપર, માંડવી-કચ્છ. આસીફ તુરીયા - ૮૫૩૦૩ ૫૪૮૮૬

સારો માનવી તે છે જે લોકોને નફો પહોંચાડે.
– હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

## ફારૂક સાપ્તાહિક તંત્રી સ્થાનેથી...

# સમૂહશાદીઓનું વ્યક્તિગત આયોજન

૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ કચ્છ મુસ્લિમ જમાઅતો અને સંસ્થાઓ આયોજિત સમૂહ શાદીઓ થઈ રહી છે જે પોતાનામાં સારી વાત છે અને આ સમૂહશાદીમાં શરીક થનારા પરિવારો અને તેમના સગા – સંબંધીઓના સમય, નાણા અને હાડમારીનો બચાવ થાય છે. પરંતુ કચ્છમાં અબડાસા અને લખપત તાલુકાઓમાં વસતા ફકીરાણી અને હાજીયાણી જત સમાજના લોકોમાં પરંપરાગત રીતે દાયકાઓથી વ્યક્તિગત રીતે સમૂહ શાદીઓનું આયોજન થાય છે.

ફકીરાણી જત લોકોની વસતી ધરાવતા પીપર, ભુટાઉ, મોહાડી, ગુનાઉ, ભારાવાંઢ, વાલાવાળી વાંઢ, આસીયારા, તેરો, લકી, ગુગરીયાણુ વગેરે ગામોમાં દાયકાઓ જૂની પરંપરા છે કે જ્યારે આર્થિક રીતે સુખી સંપન્ન વ્યક્તિના ઘેર શાદીનો પ્રસંગ આવે છે ત્યારે તે એકાદ–દોઢ માસ અગાઉ પોતાના ઘેર શાદીની તારીખની જાહેરાત કરી નાખે છે અને ફકીરાણી જત લોકોની વસતી ધરાવતા ગામડાઓમાં પયગામ મોકલાવી આપે છે કે ફલાણી તારીખના તેમને ત્યાં તેમના ફરઝંદ / દુખ્તર ની નિકાહની અદાયગી થશે જે કોઈએ પોતાના ફરઝંદ / દુખ્તર ના નિકાહ કરાવવા હોય તેઓ તેમનો સંપર્ક કરે અને નિકાહના દિવસે શાદી મંડપમાં પહોંચી આવે. આ રીતે જે લોકો તે શાદીમાં જોડાય છે તેમના દુલ્હાને ફક્ત કપડાં, મહેર અને યથાશક્તિ દુલ્હનને જે ઘરેણાં આપે તેનો ખર્ચ થાય છે અને દુલ્હન પક્ષને પણ ફક્ત કપડાં અને માવિત્રો તરફથી દુલ્હનને જે ભેટ – સોગાદો આપવામાં આવે તેનો ખર્ચ થાય છે. મંડપ, સાઉન્ડ સિસ્ટમ, તકરીર, ન્યાઝ, ચા–પાણી, દાવતે તઆમ તેમજ અન્ય ખર્ચાઓમાંથી સીધે – સીધી રાહત મળે છે. ભૂકંપ બાદ કચ્છની આર્થિક સ્થિતિ સુધરી છે, લોકોનું જીવન ધોરણ ઉચકાયો છે. ઉદ્યોગોનું આગમન અબડાસા – લખપત તાલુકાઓમાં પણ થયું છે તેથી ગામડાઓમાં વસતા લોકોનું પણ જીવન ધોરણ ઉચકાયું છે તેથી વર્તમાન સમયે વ્યક્તિગત આયોજન હેઠળની સમૂહ શાદીમાં શરીક થનારા પરિવારોની સંખ્યા ઘટી છે તેમ છતાં હજી પણ આ પરંપરા ચાલુ છે. અગાઉ શાદીની તારીખની જાહેરાત થતી તો ૨૦–૨૫ યુગલ તેમાં જોડાતા તેમ છતાં વર્તમાન સમયે પાંચ–સાત યુગલો શરીક થતા રહે છે.

લખપત તાલુકાના હાજીયાણી જત લોકોમાં આ પ્રથા વર્તમાન સમયે પણ સફળતાપૂર્વક યોજાય છે. ઓરીવાંઢ, મુધવાય, મોરગર (તા. લખપત) વગેરેમાં મોટાભાગે હાજીયાણી જત લોકોની વસતી છે. આ ગામોમાં જ્યારે વ્યક્તિગત શાદીમાં જમાઅત બિરાદરોને શાદી મંડપમાં નિકાહ અર્થે જોડાવવાના આહ્વાન થાય છે ત્યારે ૨૫–૩૦ યુગલની નિકાહની અદાયગી એકીસાથે થાય છે. એવું પણ જાણવા મળ્યું છે કે આ સંખ્યા ૫૦ યુગલો સુધી પણ પહોંચી જાય છે.

વ્યક્તિગત આયોજન વડે થતી સમૂહ શાદીઓ કચ્છના આર્થિક રીતે સમૃધ્ધ દરેક વ્યક્તિ માટે પ્રેરણાદાયક છે. તેઓ આ રીતે પોતાના વહાલસોયાઓના શાદીના ખુશીના પ્રસંગે અન્ય પરિવારોના વહાલસોયાઓની શાદીઓ સંપન્ન કરાવી નેકીના હક્કદાર બની શકે છે. આર્થિક રીતે સુખી – સમૃધ્ધ પરિવારોના દિલની ઈચ્છા હોય છે કે તેઓ પોતાના સંતાનોની શાદી અનોખી ઢ બે કરી તેને યાદગાર બનાવે. આ કાજે તેઓ વૈભવશાળી મંડપ બંધાવે છે, ભોજન સમારંભ – દાવતે તઆમમાં સત્તર પ્રકારની વાનગીઓ પિરસે છે. પ્રદેશ – રાષ્ટ્રકક્ષાના આલિમોને જશ્ન માટે બોલાવે છે. પરિવારજનો ખાસ પ્રકારના સમાન વસ્ત્રો ધારણ કરે છે. વગેરે આવી વૈભવી શાદીઓ પરિવારજનોને અવશ્ય દાયકાઓ સુધી યાદ રહે છે પરંતુ શાદીમાં પધારનાર મહેમાનોની સ્મૃતિ લાંબી હોતી નથી તેઓ એકાદ–બે માસમાં શાદીનો અનોખાપણું વિસારી નાખે છે. પોતાના ઘેર શાદી પ્રસંગે સગા–સંબંધીઓ, નાત ભાઈઓ, ઓળખિતાના સંતાનોની નિકાહ પઢાવી આપવી, પોતાના ખર્ચે દાવતે તઆમ, ચા–નાસ્તા સુધીનું આહ્વાન કરવું પણ પોતાનામાં અનોખાપણું છે. આવી અનોખી શાદીઓમાં આયોજક માટે શાદી ખર્ચાળ સાબિત થાય છે છતાં તે ફૂઝૂલ ખર્ચીની વ્યાખ્યામાં નથી આવતી બલ્કે એક નેક કાર્ય સમજવામાં આવે છે અને તે શાદીમાં જોડાનાર દુલ્હા – દુલ્હનો અને તેમના વાલીઓ દાયકાઓ સુધી આ પ્રસંગને યાદ રાખે છે.

શહેરી વિસ્તારોમાં પણ આ પ્રકારના અમલ થયા છે. આ લખનારના ધ્યાને છે તેવા બે પ્રસંગનું ઉલ્લેખ અત્રે કર્યું છે. અન્ય કોઈ સમાજ કે વ્યક્તિગત રીતે આવા પ્રયાસ થયા હોય તો તે બાબતનું ધ્યાન દોરવા ગુઝારિશ છે જેથી ભવિષ્યમાં તે પ્રસંગોનું ઉલ્લેખ પણ થઈ શકે.

વર્ષ ૨૦૧૨માં કચ્છ જીલ્લા જત મલેક સમાજના અગ્રણી હાજીસલીમ જત પોતાના જયેષ્ઠ પુત્ર ઈમરાનની શાદીનું આયોજન બનાવી રહ્યા હતા. તત્સમયે કચ્છનાં અન્ય જત અગ્રણીકઓનું ધ્યાન એ બાબતે જતાં તેમણે હાજીસલીમને સુજાવ આપ્યો હતો કે શાદી પ્રસંગને સમૂહ શાદીમાં જ ફેરવવામાં આવે તો તે એક યાદગાર પ્રસંગ બની જશે. સાથે સાથે આર્થિક રીતે નબળા વાલીઓ પરથી શાદીના ખર્ચનું ભારણ ઉતરી જશે. હાજીસલીમને તે સુજાવ પસંદ પડયું હતું અને તેમણે મુંદરા ખાતે સમૂહ શાદીના આયોજનની જાહેરાત કરી હતી. તે સમૂહ શાદી અલબત્ત સમાજના આયોજન હેઠળ થઈ હતી પણ તેના મુખ્ય દાતા પોતે જ રહ્યા હતા. આ સમૂહ શાદીમાં ૧૦૧ યુગલ નિકાહના મુકદ્દસ બંધનથી જોડાયા હતા.

વર્ષ ૨૦૧૧માં કચ્છ જીલ્લા રાયમા સમાજના અગ્રણી હાજી જુમા રાયમાએ પોતાની દીકરી જેમીનાબાનુના લગ્ન પ્રસંગે સમૂહ શાદી યોજવાનું એલાન કર્યું હતું અને ગાંધીધામના રામલીલા મેદાનમાં પોતાની દીકરીની નિકાહ સાથે ૪૦ અન્ય દીકરીઓની નિકાહની અદાયગી કરાવી હતી. તેમની પુત્રી અને જમાઈ સહિત તમામ દુલ્હનો અને દુલ્હાનો એક સરખો પોશાક હતો, તમામને એક સરખી ભેટ–સોગાદો આપવામાં આવી હતી. વ્યક્તિગત રીતે હાજીજુમાએ પોતાની પુત્રીને ઘરેણાં કે અન્ય ભેટો આપી હશે પરંતુ મંડપમાં તમામ દુલ્હા – દુલ્હન માટે એક સમાન વ્યવહાર રાખવામાં આવ્યો હતો. જોગાનુજોગ તે જ દિવસે ગાંધીધામમાં જૈન ભાઈઓનું મોટું કાર્યક્રમ હોઈ તેમણે હાજીજુમાને વિનંતી કરી હતી કે સમૂહ શાદીમાં શાકાહાર જ પિરસવામાં આવે જે તેમણે સ્વીકારી હતી. આ રીતે સામાજિક જવાબદારીની અદાયગી અને કચ્છીયત બન્ને ઝળકી ઉઠી હતી.

સુખી સંપન્ન મુસ્લિમ બિરાદરો આ બાબતે ગૌરો–ફિકર કરે હોસ્પિટલમાં દાન આપવું, છાત્રોને સ્કોલરશિપ આપવી, અનાથ બાળકોને દત્તક લેવા, જરૂરતમંદોને મકાન બનાવી દેવા એવા અનેક નેક કાર્યો છે જે શાદી પ્રસંગે કરી આપવાથી શાદી યાદગાર બની શકે છે.



# શરઈ અહ્કામ

**(કુર્આન શરીફ અને અહાદીસે મુબારકાની રોશનીમાં)**
**સંકલન : હસીનાબેન એ. મારા (B.Sc., B.Ed.), ભુજ-કચ્છ.**

## ગુસલ

**(ગતાંકથી ચાલુ)**

અસલ મસઅલા એ છે કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ ગુસલ કરવાની કોઈ ચોક્કસ રીત નથી સૂચવી, પરંતુ ફરમાવ્યું દરેક રૂંવાટા (રોમ)ની નીચે **જનાબત** છે. દર્શાવ્યું કે જો કોઈના પર **ગુસલ વાજીબ** થઈ જાય અને તેની વાળ બરાબર જગ્યા પણ કોરી રહી તો તેની સાથે જહન્નમમાં **કઝા વ કઝા** કરવામાં આવશે. **કઝા વ કઝા** અર્થાત્ ખૂબજ સખત અઝાબ થશે.

આ કારણે હઝરત અલી (રદિયલ્લાહો તઆલા અન્હો) ફરમાવે છે કે મેં આ કલામ મુબારક સાંભળ્યા બાદ પોતાના વાળથી દુશ્મની કરી લીધી. અર્થાત આપ હંમેશા વાળ મૂંડાવી નાખતા એ ખોફથી કે ક્યાંક એવું ન થાય કે જનાબતમાં કોઈ વાળ ધોવાથી રહી જાય અને હું દાખીલે જહન્નમ થઈ જાઉં. આટલી કડકાઈનાં કારણે ફૂકહાએ ઈસ્લામે ખૂબ ગોર–ફિકર કર્યું અને વિચાર્યું એવી કઈ બાબતો છે કે જેને ધોવું અનિવાર્ય ગણાવીએ તો દરેક વાળ ધોવાઈ જાય. આથી તેને ૩ **ફરજ** બનાવી દીધા અથવા ત્રણ અવયવને ધોવા **ફરજ** કરી દીધા. **એક તો કોગળો કરવો કે ગળા સુધી પાણી પહોંચાડીને ગરગરા કરી નાકનાં નરમ હાડકાં સુધી પાણી ચઢાવવું (વુઝૂમાં આ સુન્નત છે પરંતુ ગુસલમાં આ ફરજ છે) અને ત્રીજું એ કે માથાથી કરી અને પગના નખ સુધી સંપૂર્ણ શરીર પરથી ઓછામાં ઓછું એકવાર પાણી વહેવડાવવી દેવું.** આ રીતે ત્રણ **ફરજ** થયા. એકવાર પાણી વહેવડાવવાનું અર્થ એ છે કે સંપૂર્ણ શરીરને એકવાર બરાબર રીતે ધોઈ નાખ્યું. સંપૂર્ણ ધડ પરથી પાણી વહી ગયું તો સંપૂર્ણ શરીર ધોવાણું કહેવાશે. બીજી બે વાર પાણી વહેવડાવશો તો **સુન્નત** પણ પૂરી થઈ જશે અને પુષ્કળ પ્રમાણમાં પાણી વહેવડાવવું ગણાશે.

અલ્લાહ તબારક વ તઆલાએ ઈર્શાદ ફરમાવ્યું કે, **અમે આસમાનમાંથી એવું પાણી નાઝિલ ફરમાવ્યું જે પાક કરનાર છે.** ખુદ અલ્લાહ તઆલાએ પાણીને પાક ગણાવ્યું છે. અલ્લાહ તઆલાએ જે વસ્તુમાં જે ખાસિયત રાખી છે એ ખાસિયત નિયતની મોહતાજ નથી. ઉદાહરણ તરીકે, સૌ કોઈ જાણે છે કે પાણી પલાળશે. હવે જો તમે નિયત કરશો કે પાણી મને પલાડે. શું તો જ પાણી તમને પલાળશે ? એવું તો નથી.

અલ્લાહે જ્યારે ઈર્શાદ ફરમાવી દીધું કે **પાણીને પાક કરનાર નાઝિલ કર્યું છે**, તો અહીં પાણીનું તમને પલાળવું નિયત પર આધારિત નથી. જેમ કે ફૂકહાએ ઈઝામ ફરમાવે છે કે **જો કોઈ નદીનાં કિનારે જઈ રહ્યો છે અને નદીમાં ડૂબકી મારી, તેના નાકમાં અને હલકમાં પણ પાણી પહોંચી ગયું અને ડૂબકીના કારણે સંપૂર્ણ શરીર ધોવાઈ ગયું તો તેના પરથી હાલતે જનાબત દૂર થઈ જશે.** એનો અર્થ એ થાય છે કે અહીં નિયત કરવાની જરૂર નથી. પરંતુ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ ફરમાવ્યું, **"ઈન્નમલ અઅ્માલુ બિન્નિયાત" (કે આમાલનો દારોમદાર નિયતો સાથે છે).**

ફૂકહાએ અહનાફ મુજબ નિયતથી પહેલા સવાબ શબ્દ **મહઝૂફ (silent)** છે. આ હદીસનો અર્થ એ થયો કે, **"ઈન્નમા સવાબુલ અઅ્માલે બિન્નિયાત" (અમલનો સવાબ નિયતો પર આધારિત છે.)** આથી જો કોઈ નિયત કરીને **ગુસલ** કરશે તો તેને **સવાબ** મળશે. જો તે પાક કરવાની નિયત ન કરે તો **ગુસલ** થઈ જશે. હાલતે **જનાબત** દૂર થઈ જશે, પરંતુ તે **સવાબ**થી મહરૂમ રહેશે. નહાતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ. જ્યારે પણ **ગુસલ વાજીબ** થઈ જાય તો ફૂકહા લખે છે કે ત્રણ કાર્યો પૈકી કોઈ એક જરૂર કરે. કાંતો થોડીવાર ઊંઘી જાય, પરંતુ નમાઝ કઝા થઈ જવાનો ભય ન હોય, નહીંતર સુઈ જવું **મકરૂહ** છે.

બીજું કાર્ય એ કરી શકાય કે પેશાબ કરે અને ત્રીજું કાર્ય એ કે કમ સે કમ ચાલીસ ડગલાં ચાલે. આ ત્રણેય કાર્યોમાંથી કોઈ એક કરવાનું કહ્યું, કારણ કે પેશાબની નળીમાં અટકેલા એહતલામનાં ટીપા સંપૂર્ણપણે બહાર નિકળી જાય. મનુષ્યના શરીરની રચના એવી છે કે એકસાથે સંપૂર્ણપણે પ્રવાહી બહાર આવતો નથી, તે ધીરે ધીરે વહે છે. જો વ્યક્તિ બીજીવાર ઊંઘી જાય તો શરીરના અવયવ ઢીલા પડી જશે અને જે પાછળ બચેલો પ્રવાહી છે તે વહી જશે અથવા પેશાબ વડે દબાણપૂર્વક નિકળી જશે. ચાલીસ કદમ ચાલશે તો તેના કારણે પણ બાકીનું પ્રવાહી વહી જશે. હવે જો કોઈના પર **ગુસલ વાજિબ** થયું અને આ ત્રણેયમાંથી કોઈપણ કાર્ય ન કર્યું, સીધે સીધો **ગુસલ** કરી લીધો, ત્યારબાદ જો પેશાબ કર્યો અને પેશાબ સાથે એહતલામના કોઈ ટીપાં નિકળે છે તો તેના પર બીજીવાર **ગુસલ વાજિબ** થઈ જશે. કેમકે આ પાછલા એહતલામનું ભાગ હતું. **ગુસલ**થી પહેલા આ રીતે ત્રણમાંથી કોઈ એક કાર્ય કરી લેવું ફાયદાકારક છે, જેથી એહતલામનો જે ભાગ બાકી રહ્યો છે તે પ્રવાહી બહાર નિકળી જાય અને ત્યારબાદ **ગુસલ** કરે જેથી સંપૂર્ણપણે બેફિકર થઈને **ગુસલ** કરી લે તો બીજીવાર ફરીથી **ગુસલ** કરવો જરૂરી નહિં રહે.

(ક્રમશઃ)

# રશાની વસીયત – માનવતાનો ચિરાગ

## ગઝાની શહીદ કમસીન દીકરીની વસીયત, જેને વાંચીને દરેક આંખ આંસુ વહાવી રહી છે

ગઝાની સાંજમાં એ જ શોરબકોર હતો જે મોટાભાગની રાત્રીઓમાં સાંભળવા મળે છે. ગલીઓમાં બોમ્બના અવાજો અને વાતાવરણમાં ભયના ઓથાર. પણ આ બધા અવાજોના વચ્ચે એક નાનકડી બાળકી રશા, પોતાના ઓરડામાં ખામોશ બેઠી હતી. તે છતના નાના કાણામાંથી આકાશને તાકી રહી હતી જ્યાં ચાંદે પોતાની હલકી રોશનીના પાલવથી રાતને ઢાંકી રાખી હતી.

રશાના મનમાં એક અજાણો ભય હતો. પરંતુ આ ભય સાથે એક વિચિત્ર રોશની પણ હતી. એક સ્વપ્નની રોશની. એક આશાની રોશની. તેણે પોતાની નાનકડી બેગમાં થોડી પુસ્તિકાઓ, થોડા રમકડાં અને તેને ગમતા કપડાં મૂકી રાખ્યા હતા. તે આ ચીજોને ખૂબ પ્રેમથી જોતી અને વિચારતી :

"આ બધું મારા કઝીન્સને આપી દઈશ જ્યારે હું તેમને મળવા જઈશ."

પરંતુ રશાના મનમાં કંઈક બીજું પણ હતું. એક વિચિત્ર એહસાસ. જાણે તેની જિંદગીનો સફર ખૂબ જલ્દી ખતમ થઈ જનારો છે. તેણે પોતાના મા–બાપને ખામોશીથી જોયા, જેઓ બીજી તરફ બહારનું દૃશ્ય જોઈ રહ્યા હતા. બોમ્બના પ્રકાશ અને ધડાકાઓના અવાજો વચ્ચે એ જાણતી હતી કે આ બધું ક્યાં સુધી ચાલશે ? અથવા કદાચ તે પોતે આનો હિસ્સો બની જશે !

એ રાત્રે રશાએ એક નાનકડો કાગળ કાઢ્યો અને પોતાની નાનકડી આંગળીઓથી લખવાનું શરૂ કર્યું :

જો હું શહીદ થઈ જાઉં તો મારા કપડાં જરૂરતમંદોને આપી દેજો, મારી વસ્તુઓ, મારા રમકડાં, પુસ્તકો મારા કઝીન્સમાં વહેંચી દેજો અને પ્લીઝ મારા માટે રડતાં નહીં કેમકે આપને રડતાં જોઈને મને ખૂબ દુઃખ થાય છે.

આ નિર્દોષ શબ્દો એ બાળકીના દિલના ઊંડાણમાંથી નિકળ્યા હતા જેણે પોતાના અલ્પ જીવનની પ્રત્યેક ક્ષણમાં બીજાઓનું ધ્યાન રાખ્યું હતું. તેણે ન તો ક્યારેય પોતાના વિશે વિચાર્યું, ન જ પોતાની તકલીફોની ફરિયાદ કરી. તે જાણતી હતી કે દુનિયામાં એવા લોકો પણ છે જેમને તેની નાની નાની વસ્તુઓ પણ ખુશી આપી શકે છે.

**મૂળ લેખક : ખબીબ કાઝમી**
**ગુજરાતી અનુવાદ : મુહંમદ અમીન શેઠ, મોડાસા.**
**સૌજન્ય : દા'વત સાપ્તાહિક ઉર્દૂ, ૧૯ ઓકટોબર, ૨૦૨૪.**

બીજી સવારે સૂરજની કિરણો હજુ જમીન પર પહોંચી પણ ન હતી કે વાતાવરણમાં એક જોરદાર ધડાકો સંભળાયો. રશાનું ઘર જમીનદોસ્ત થઈ ગયું અને તે પોતાના ભાઈ અહમદ સાથે ઘરના કાટમાળમાં દફન થઈ ગઈ. તેના મા–બાપ ચીસો પાડતા કાટમાળ તરફ ધસી ગયા. પરંતુ ત્યાં સુધી બધું ખતમ થઈ ચૂક્યું હતું. રશા અને અહમદ બંને આ દુનિયાથી વિદાય થઈ ચૂક્યા હતા. જ્યારે સ્વયંસેવકો કાટમાળ માં શોધી રહ્યા હતા તો તેમને રશાનો એજ પત્ર મળ્યો જે તેણે રાત્રે લખ્યો હતો.

તે પત્ર હવે એક વસીયત બની ચૂક્યો હતો. એક માસૂમ બાળકીની અંતિમ ખ્વાહિશ. અંતિમ ઈચ્છા.

રશાની આ વસીયત જ્યારે તેના મા–બાપના હાથમાં પહોંચી તો તેમના આંસુ બેકાબૂ થઈ ગયા. પરંતુ તેઓ પોતાની દીકરીની વસીયતના શબ્દોને યાદ કરીને ચોધાર આંસુએ રડી પણ નહોતા શકતા !!

"મારા માટે ન રડતાં, આપને રડતાં જોઈને મને દુઃખ થાય છે." આ શબ્દો તેમના કાનમાં ગૂંજી રહ્યા હતા.

રશાની આ વસીયત, તેના સ્વપ્ન અને તેની નિર્દોષતા દુનિયાને એક સબક શિખવાડી ગયા. આ માસૂમ બાળકીએ આપણને શિખવાડ્યું કે જીવનનો અસલ મકસદ શું છે? બીજાઓની મદદ કરવી. પોતાની નાની નાની ખુશીઓ બીજાઓને વહેંચવી અને ત્યાં સુધી કે મોતની ક્ષણોમાં પણ માનવતાની ભાવના મનમાં જીવતી રાખવી.

આ કહાની આપણને બતાવે છે કે જંગ અને જુલ્મ હોવા છતાં અમુક દિલ એવા હોય છે જે હંમેશા રોશની ફેલાવતા રહે છે. રશાનું દિલ પણ આવું જ હતું. જે પોતાની અંતિમ ક્ષણોમાં પણ ઈન્સાનીયત અને મુહબ્બતનું દષ્ટાંત બની ગયું.

તેની નિર્દોષતા અને કુરબાની હંમેશા યાદ રાખવામાં આવશે.

આ છે ગઝાની એ અનહદ અદ્‌ભૂત કુરબાનીઓ પૈકી એક કુરબાની. નાની દીકરીની. જો એ પણ આપણા દિલને હચમચાવી ન દે. વ્યથિત ન કરી દે તો માનવું કે આપણા શરીરમાં દિલ જેવી કોઈ વસ્તુ જ નથી.

**(પ્રથમ પાનાથી ચાલુ) લખપત તાલુકામાં રૂા. ૬૦ લાખ...**

**૧,૦૦,૦૦૦/–** સુમરા હાજી ઈશાક હાજીઅલાના (લાખાપર); **૧,૦૦,૦૦૦/–** નોતિયાર હાસમ ઓસમાણ (દયાપર); **૧,૦૦,૦૦૦/–** સોતા હાજીતાલબ જુમારા; **૧,૦૦,૦૦૦/–** રાયમા હુસૈન હાજીઅલાના (ઘડુલી); **૧,૦૦,૦૦૦/–** સુમરા મોડ જાફર (લાખાપર); **૧,૦૦,૦૦૦/–** જત અલીમામદ મામદ (બિટીયારી); **૧,૦૦,૦૦૦/–** નોતિયાર જામભાઈ ઝારા; **૧,૦૦,૦૦૦/–** જત મોમિન હાજીભચુ (નરા); **૧,૦૦,૦૦૦/–** હાજીમામદ હાજીઅભન સોતા (જુમારા); **૧,૦૦,૦૦૦/–** સુમરા હાજીનાથા (લાખાપર); **૧,૦૦,૦૦૦/–** જત કાસમ હાજીઅલી (આસાલડી); **૧,૦૦,૦૦૦/–** પુંજુભા દેસરાજી જાડેજા (ગુનેરી); **૫૧,૭૮૬/–** સુમરા હાજીઈલિયાસ અલીમામદ (લાખાપર); **૫૧,૦૦૦/–** જત હમીર ઉમર (રાવરેસર); **૫૧,૦૦૦/–** જત નજર મામદ સરુંવાંધ (નરા); **૫૧,૦૦૦/–** જત રાયભ (સરપંચ મેઘપર); **૫૧,૦૦૦/–** અર્જુનદાન મહોબ્બતદાન ગઢવી (સોનલનગર); **૫૧,૦૦૦/–** પંકજભાઈ મંગલદાસ ભાનુશાલી (કોટડા મઢ); **૫૧,૦૦૦/–** પંકજભાઈ મંગલદાસ ભાનુશાલી (કોટડા–મઢ); **એક ભેંસ** સોતા આમદ મામદ (જુમારા); **એક ભેંસ** સોતા જુસબ કાસમ (જુમારા); **એક ભેંસ** સોતા મુબારક અલી (જુમારા); **એક ભેંસ** જત કાસમ હાજીઉમર (ચકરાઈ); **એક ભેંસ** અલીમામદ હાજીઈસ્માઈલ (બરંદા); **૫૧,૦૦૦/–** સૈયદ ગુલામમુસ્તફાશા મામદશા (દયાપર); **૫૧,૦૦૦/–** કુંભાર ઉમર ઈબ્રાહીમ (માતાના મઢ).

ડિલક્ષ ઉમરાહ 99000 સફર ૨૧ દિવસ
બજેટ ઉમરાહ 77500 સફર ૧૭ દિવસ
રવાનગી નવેમ્બર ઈન્શાઅલ્લાહ
અમદાવાદ થી અમદાવાદ ડાયરેક્ટ ફ્લાઈટ
ડિલક્ષ મદીના હોટલ 200 મીટર અને મક્કા હોટલ 500 મીટર
બજેટમાં મક્કા-મદીનાની હોટલ ૮૦૦ થી ૯૦૦ મીટર
• ઉમરાહ અદાયગી • ઝિયારત • શોપીંગ દરેક જગ્યાએ સાથે
• લગેજ બેગ • હેન્ડબેગ • તસ્બીહ
• ઉમરાહ ગાઈડ • ૫ લી. ઝમઝમ • અનલિમિટેડ લોન્ડ્રી ફ્રી
ઈરાક-બગદાદ ઝિયારત 95000/- સફર દિવસ 12
ઉમરાહ સાથે ઈરાક ઝિયારત 195000/- સફર દિવસ 27
: વધુ માહિતી અને બુકીંગ માટે સંપર્ક કરો :
જીલાની ટુર
ધાયરા પીર દરગાહ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, માંડવી-કચ્છ
સૈયદ પીર ઝૈનુલઆબેદીન જીલાની
ફોન : ૯૯૦૯૮ ૬૬૭૮૬

# દુનિયાનો મોહ ક્યારે છૂટવાનો નથી

લેખક : અનવર અલાના હિંગોરા
ગામ : ધનાવાડા.

માણસ ઘણો પ્રલોભી જીવ છે ધન, એશ, આરામ અને ક્યારે પણ ન પૂરી થનાર તેની તમન્નાઓની કોઈ સીમા જ નથી. તેની પાસે બાઈક હોય તો કારની તમન્ના, અગર કાર મળી જાય તો હેલિકોપ્ટર અને હવાઈ જહાજ સુધી તેની મહત્વાકાંક્ષાઓ તેને લઈ જાય છે. હવે જેની પાસે જેટલો ધન એના કરતાં તેની લાલચ–અસંતોષ તેને ક્યાં ક્યાં લઈ જાય છે અને તેની પૂરી ઉંમર એ ઐશો–આરામ વાળી જિંદગી જીવવાની લાલસા અને જે સવલતો જેને આપણે આધુનિક જીવનમાં જેનો આપણે વપરાશ કરી રહ્યા છીએ એ સવલતો, સંસાધનો કરતાં પણ વધારે આરામદાયક વસ્તુઓ હોય તેની દૌડમાં જ લાગ્યું રહે છે અને એ બિચારાને એ ખબર નથી હોતી કે આ બધું એડવર્ટાઈઝ (જાહેરાત), પ્રચાર અને ફેશનના નામે તમારી ભાવનાઓ – સોચને ટાર્ગેટ કરીને તેના પ્રચાર – પ્રસારમાં કરોડો, અરબો, ખરબો રૂપિયા વાપરવામાં આવે છે.

તેને સમજવું હોય તો જે ટીવી કે મોબાઈલની એડમાં આવતા કલાકાર, અભિનેત્રીઓ જે પ્રોડક્ટનું એડ કરે છે શું એ બધા આ પ્રોડક્ટને પસંદ કે વપરાશ કરતા હશે ? તમે એ કલાકારો, યુટયૂબના ઈન્ફ્લુએન્સરો કે વેસ્ટર્ન એકટર્સ, ક્રિકેટરો, સિંગરો પૂરો વિશ્વ અને તમે જેને પણ પસંદ કરતા હોવ તેઓ વિવિધ બ્રાન્ડના વિજ્ઞાપનો કરે, તેમને એક વર્ષના કરોડો રૂપિયાની ચૂકવણી થાય. તમારી જિંદગીના એ આઈડિયલ રોલમોડલ એ પ્રોડક્ટના એડ કરે છે, જેને તમે વિચારો તો એ ચીજો વગર પણ આપણી જિંદગી આરામ, સુખ, ચેનથી વીતી જાય પણ અમારી આ વેસ્ટર્ન સંસ્કૃતિને અપનાવવાની આંધળી દૌડ એ હજી અમારી ભારતીય સંસ્કૃતિ, સંસ્કારોને ક્યાં લઈ જશે ? એની ખબર નથી.

આજે અમારા કુટુંબોમાંથી શરમ, છોકરા – છોકરીનું જાહેરમાં એવી હરકતો કરવી જે આજે જાનવરો પણ નથી કરતા. વડીલો અને માતા–પિતા અને સમાજ ચિંતિત છે. સહેનશક્તિ, વડીલો માતા–પિતાનું આદર એવા ઘણાં બધા સારા સંસ્કારો, આદતો અમારી ભારતીય સંસ્કૃતિ અને સમાજમાં પછી ભલે તે હિન્દુ સમાજ હોય કે મુસ્લિમ સમાજ. યાદ રાખજો ખાસ કરીને આજની યુવાન પેઢી કે ‘‘જ્યારે કોઈ દેશ કે તેની જનતા પર કબ્જો કરવો હોય તો સૌથી પહેલાં તેમની સંસ્કૃતિ (કલ્ચર)ને બર્બાદ કરવામાં આવે છે’’. તે તમે અંગ્રેજોનું ભારત પર રાજના રૂપમાં જોઈ ચૂક્યા છો. તમે ભલે હાઈ એજ્યુકેશન લો અને પૂરી દુનિયામાં કાબેલીયતનું ડંકો વગાડો પણ પોતાની સંસ્કૃતિ, સંસ્કારો અને હળી – મળીને રહેવાનું ક્યારે પણ ન ભૂલજો અને એ જ અમારા દેશની તાકત છે જેના કારણે તે પૂરા વિશ્વમાં સૌથી મોટી લોકશાહી તરીકે ઓળખાય છે. આ એક વિવિધ ધર્મો, સંસ્કૃતિઓ, ભાષાઓ, પોશાકો, રિત–રિવાજો એ બધાં વિવિધ જાતના રંગબેરંગી ફૂલોનું એક ગુલદસ્તો છે. જેવી રીતે વડીલો, પુરખોએ તેનાં કોઈપણ એક ફૂલનાં રંગને ક્યારે પણ આંચ નથી આવવા દીધી અને અગર કોઈ સોદાગર, રાજકારણીઓ, તોફાની તત્વો, ધર્મ – સમાજ કે કોઈ લાલચમાં આવનાર યુવાનોને તેમની ભાવનાઓને નફરતમાં બદલીને બે સમાજ વચ્ચે તિરાડ પાડીને વોટ લેવાની અને રાજકીય રોટીઓ સેકવાની કોશિષ કરનારને તેમણે ક્યારે પણ માફ નથી કર્યું અને એ નફરતની આગને હંમેશા પ્યાર, મોહબ્બતના પાણીથી બુઝાવી છે.

હવે એ જવાબદારી આજના યુવાનોની છે જે કચ્છ અને પૂરા દેશની એકતા, ભાઈચારો સલામત રહે તે માટે દરેક સંભવ પ્રયત્ન કરવાનું અને કોમી એકતાને નુકશાન કરનાર તત્ત્વોને જનતા સામે તેમનું ચહેરું ખુલ્લું પાડે.

માણસની દૌલત સુખ સંસાધનોની ચાહ ક્યારે પૂર્ણ થતી જ નથી ચાહે તે સંતાનો કે માલ ભેગો કરવાના કે સમાજમાં, દેશમાં કે દુનિયામાં નામ રોશન કરવાના નામે કરે પણ તેની લાલસાનું અંત ક્યારે પણ નથી આવતો.

આ ચીજને સમજવા માટે હઝરત પયગમ્બર સાહેબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના એક કથન (હદીષ)માં તેઓ કહે છે કે, ‘‘આદમની ઓલાદનું પેટ સિવાય માટી કોઈપણ નથી ભરી શકતું.’’ મતલબ કે માનવીનો આ અસંતોષ ક્યારે પણ પૂરો નહિં થાય અને એવા પણ માનવી વસે છે જેને આ દુનિયામાં કોઈ લાલસા કે અસંતોષ નથી અને તેને તો તેઓ એક આ ૬૦ કે ૭૦ વર્ષના સફરને એક સ્ટોપ અને સ્ટેશન સમજે છે પણ અહીંયા તો તેમને કહેવામાં આવી રહ્યું છે કે આ બધી તમન્નાઓ, પ્લાનો કરતા કરતા તે કબર અને ચિતાના હવાલે થાય છે અને તેની માટી તેનો પેટ ભરે છે.

**જોઈએ છે છોકરો દુકાન માટે**
ભુજ. ફોન : 9825777537

☪ અલ કુબા ઉમરાહ ટુર્સ ☪
ઉમરાહ કરો
₹ 85,000/- ★ 15 દિવસ
₹ 95,000/- ★ 22 દિવસ
ભુજ થી ભુજ સર્વિસ
તાઈફ અને બદરની બધી ઝિયારતો ફ્રી,
સાદાતે કિરામ, ઉલમાએ કિરામ,
મસ્જિદના પેશઈમામો માટે ફકત રૂા. 60,000/-
(માત્ર ટિકિટ અને વિઝાનો ખર્ચ)
રવાનગી તા. ૩૦/૧૧/૨૦૨૪ ઈન્શાઅલ્લાહ
મક્કા શરીફમાં ઉમરાહની અદાયગી તથા મદીના શરીફમાં તમામ ઝિયારતો મૌલાના સલીમ કાદરી સાથે રહી કરાવશે.
આજે જ બુકીંગ કરાવો અને પૈસા ટિકીટ-વિઝા આવ્યા બાદ આપો
મૌલાના મોહંમદસલીમ કાદરી : 9898322896
હાજી જમાલ સાહેબ : 9726112143

કચ્છ જીલ્લાના સર્વ પ્રથમ લેટેસ્ટ ટેકનીક પ્લાસ્ટીબેલ રીંગ ખત્ના સુન્નત બાળકોને બેસાડનાર ખત્ના સ્પેશ્યાલિસ્ટ શકીલ શિકારી મૂળ ભુજ કચ્છનાં રહેવાસી
હેપ્પી કિડ્સ ખત્ના @sakilshikari
લેટેસ્ટ ટેકનીક પ્લાસ્ટીબેલ રીંગ ખત્ના સુન્નત ભુજ સેન્ટર
શકીલ થૈબા શિકારી Children Circumision
બાળકોની ખત્ના સુન્નત ઝડપી રિકવરી
પ્લાસ્ટીબેલ રીંગ લેટેસ્ટ ટેકનીક
થી ખત્ના સુન્નત બેસાડી આપવામાં આવશે.
સાંકળવાલા પીર દરગાહ પાસે, ભીડ ચોક, પીર વાલી મસ્જિદની બાજુમાં, ભુજ.
આપના કોઈપણ શહેરમાં ખત્ના (સુન્નત) બેસાડવા માટે એપોઈન્ટમેન્ટ લેવા માટે સંપર્ક કરો : 8320661096.

ઈકબાલભાઈ : ૯૯૦૯૦ ૭૨૫૭૦
એકતા ફર્નિચર
વુડન અને સ્ટીલ ફર્નીચરના રીટેલ તેમજ હોલસેલ વેપારી
રૂદ્ર રેસીડેન્સી, રેલ્વે ક્રોસીંગ પાસે, એરપોર્ટ રોડ, ભુજ-કચ્છ.

## : નોંધ :

ફારૂક સાપ્તાહિકમાં આવતી વ્યવસાયિક જાહેરાતોમાં સેવા અને ગુણવત્તાના દાવાઓ વિજ્ઞાપનદાતાઓ દ્વારા થાય છે તેની ખરાઈ વાચકોએ કરવાની રહે છે.

મઝહબી લખાણોની બેઅદબી ન થાય તે અપેક્ષિત છે. – તંત્રી

SINCE : 2000
ફારૂક સાપ્તાહિક
દર શુક્રવારે વ્હોટ્સએપ પર ફારૂક સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો :
મુસ્તાકભાઈ સીદી
9662933957

## મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય ગૃહશાળા ભુજ

જેમણે ઈમાન રાખી સારા કાર્યો કર્યા તેઓ બાગોના માલીક થશે



આમદભા – ભુજ

હાલનું સરનામું : આમદભાના નિવાસ સ્થાને પોલીસ સ્ટેશન પાછળ, સરપટ નાકા અંદર, ભુજ. ફોન : ૯૯૭૪૮ ૪૩૬૩૨

હાલે ૧૧૦ વૃધ્ધ, મંદ બુધ્ધીના જરૂરતમંદને વિના મૂલ્યે એક ટકની ટીફીન સેવા આપવામાં આવે છે. કામ ઈચ્છુક યુવકોને સહયોગ આપવામાં આવશે.

ગૃહશાળામાં બહેનોને સહકાર આપવામાં આવે છે.

ઝકાત, ખયરાત, હદીયો, લીલ્લાહ ઘઉં, ચોખા, તેલ સ્વીકારવામાં આવે છે. અલ્લાહ એ આપેલ છે તેમાંથી થોડો તેની રાહમાં ખર્ચ કરો.

સુખની તલાશ : આ મુસ્લિમ ગ્રુપ પાસે સખીદાતા ગ્રુપ ઓછો છે. છતાં વૃધ્ધ સંખ્યા ૧૧૦ની રસોઈ બને છે. સાથે (રોટલા, શાક, ભાત) બનાવવા અને પાર્સલ પહોંચાડવા માટે બહેન કામ ઈચ્છુક સંખ્યા ૨૦ને રાહત રોજગાર અપાય છે. આ જુની નીતીઓ થકી ગરીબીને ભગાડી શકીશું. ગ્રુપની આશા : વધુ સખીદાતાઓ જોડાય. દર માસે હિસાબના વધ-ઘટની જાહેરાત આપવામાં આવે છે.

મળવાનો સમય : સવારે ૧૦ થી ૧૧ –વિચારક : આમદભા

સંપર્ક : હારૂનભાઈ ખત્રી : ૯૯૨૫૮ ૫૪૧૭૦ - ડો. શહીદાબેન અરોરા : ૯૭૧૨૪ ४૯૦૯૦

કાનૂની સલાહકાર : અશોક સી માંડલિયા (એડવોકેટ) : ૯૮૨૫૧ ९९९०९.

Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044




(૧) કયા નબીએ પોતાની પત્નીને ૧૦૦ ચાબુક મારવાની કસમ ખાધી હતી ?

(૨) કુર્આન શરીફની એ કઈ સૂરઃ છે, જેના અંતે એ સૂરઃ નું નામ આવેલું છે ?

(૩) અમેરિકાનાં કયા પ્રમુખે હિરોશિમા અને નાગાસાકી પર પરમાણું હુમલો કરવાનો આદેશ આપ્યો હતો ?

(૪) બે વાર નોબેલ પુરસ્કાર મેળવનાર પ્રથમ વ્યક્તિ કોણ હતા ?

(૫) વસતીની દષ્ટિએ ભારતનો સૌથી મોટો જીલ્લો કયો છે ?

**પરખ–૧૨૧૨નાં જવાબ :**

(૧) ઊંટને ઝબહ કરવાની સુન્નત રીત : આગળનો ડાબો પગ બાંધી ઉભા ઉભા નહર કરવામાં આવે છે.

(૨) કુર્આન શરીફ ઝૈતુન માટે કહે છે કે, ‘‘અને તે ઝાડ બનાવ્યું જે તૂરે સીનામાંથી નિકળે છે. ખાનારાઓ માટે તેલ અને શાક લઈને ઉગે છે.’’

(૩) ફ્રેન્કલીન રૂઝવેલ્ટ સૌથી વધુ સમય અમેરિકાનાં પ્રમુખ પદે રહ્યા હતા.

(૪) Queue નો ઉચ્ચાર ક્યુ છે એનાં છેલ્લા ચાર અક્ષરો કાઢી નાખો તો પણ ઉચ્ચાર ક્યુ રહે છે.

(૫) વૂલર સરોવર ભારતનું સૌથી મોટું મીઠા પાણીનું કુદરતી સરોવર છે.

**પાંચ સાચા જવાબ આપનાર વાચકો :**
આબેદીન નૂરમોહંમદ જેડા–સિક્કા (જામનગર).

**ચાર સાચા જવાબ આપનાર વાચકો :**
ચાકી ઈમ્તિયાઝ અબ્દુલગની–મથલ.

**નોંધ : Google પર સર્ચ કરવાથી ઘણાં પ્રશ્નોનાં જવાબ મળી શકે તેમ છે. જેથી આપનાં જ્ઞાનમાં વધારો થશે.**

**નોંધ : ઓછામાં ઓછા ત્રણ સાચા જવાબ હશે તેમનાં નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.**

**નોંધ : પરખના જવાબ SMS મારફત પણ મોકલી શકાય છે. મોબાઈલ નં. 81415 78692 (ઈસ્માઈલ સોનેજી)**

## મુસાખાનના સવાલ મુફ્તી સાહેબના જવાબ

**પ્રશ્નોના જવાબ સુન્ની હનફી મસલક પ્રમાણે છે**

**સવાલ : જ્યારે કુર્આન અને હદીસ એક છે તો પછી મઝહબના ચાર ઈમામ પોતાના વિચારો જુદા જુદા કેમ રજૂ કરે છે ?**

*જવાબ : ચાર ઈમામ પોતાના વિચારો જુદા જુદા રજૂ નથી કરતા. કુર્આન અને અહાદીસે કરીમાથી દીને ઈસ્લામના ફર્ઝો અને અરકાનમાં સહમત છે. નમાઝ પાંચ વખત ફર્ઝ, માહે રમઝાનના રોઝા ફર્ઝ છે એ ચારેય મઝહબ એક મત થઈને કહે છે. શરાબ, ચોરી, ઝિના ચારે મઝહબ હરામ બતાવે છે. એનો અર્થ એ કે મૂળ બાબતમાં બધા એક મત છે. પણ ગૌણ બાબતોમાં એક મત નથી, એટલે કે વાજિબ, સુન્નત, મુસ્તહબ અને મકરૂહ હોવામાં વિચારો માત્ર આ ચાર ઈમામમાં જ છે એવું નથી બલ્કે સહાબાએ કિરામમાં પણ જોવા મળે છે. દા.ત. નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નમાઝમાં તકબીરે તહરીમા પછી દરેક રૂકૂઅ અને સજદામાં જતી વખતે રફએ યદૈન પહેલાં કરતા હતા અને એ જ પ્રમાણે કેટલાક સહાબાએ કિરામએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે નમાઝ પઢી તેઓ દીની કામ અર્થે દૂર દૂરના દેશોમાં ચાલ્યા ગયા અને ત્યાં જ એ જ રીતે નમાઝ પઢી અને એ જ પ્રમાણે ત્યાંના મુસલમાનોને નમાઝની તાલીમ આપી.*

*પણ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ પોતાની આખરી ઉમરમાં જે નમાઝો પઢી એટલે કે પરદો ફરમાવ્યાના સમય સુધી નમાઝ પઢી ત્યારે આપે રફએ યદૈન છોડી દીધો. હવે આ સુરતમાં જે સહાબાએ કિરામે મુસલમાન થઈને નમાઝ પઢી તેમણે જોયું કે, આપ રફએ યદૈન નથી કરતા. તો એ લોકો એ જ પ્રમાણે નમાઝ પઢતા અને મુસલમાનોને શીખવતા રહ્યા. આ બંને પ્રકારના સહાબાએ કિરામ પાસેથી નમાઝોને લગતી હદીસો સાંભળવા જુદાપણું હોવું સ્વાભાવિક છે. આ લોકો વડે જ ઈમામો સુધી હદીસો પહોંચી તો ઈમામોએ ગૌણ બાબતોમાં તેમના સુધી પહોંચેલી હદીસોના આધારે પોતાનો અલગ માર્ગ અપનાવ્યો. આ જ કારણ છે કે વિરોધાભાસ હોવા છતાં ચારે ઈમામ અને ચારે મઝહબ હક પર છે. (જાઅલ હક્ક, ભાગ–૧)*

**સંકલન : મૌલાના મુસાખાન એમ. પઠાણ**
મુ. પો. દહીંસરા, તા. ભુજ–કચ્છ.


## ઈબાદત સપ્તાહ

| તારીખ | સૂર્યોદય | સૂર્યાસ્ત | ઝવાલ | અસર | મગરીબ | ઈફતાર |
|---|---|---|---|---|---|---|
| ૧૮–૧૧–૨૪ | ૭–૧૦ | ૬–૦૮ | ૧૨–૩૮ | ૪–૩૦ | ૫–૪૩ | ૬–૧૨ |
| ૧૯–૧૧–૨૪ | ૭–૧૧ | ૬–૦૮ | ૧૨–૩૯ | ૪–૩૦ | ૫–૪૩ | ૬–૧૨ |
| ૨૦–૧૧–૨૪ | ૭–૧૧ | ૬–૦૮ | ૧૨–૩૯ | ૪–૩૦ | ૫–૪૪ | ૬–૧૨ |
| ૨૧–૧૧–૨૪ | ૭–૧૨ | ૬–૦૮ | ૧૨–૩૯ | ૪–૩૦ | ૫–૪૪ | ૬–૧૨ |
| ૨૨–૧૧–૨૪ | ૭–૧૩ | ૬–૦૮ | ૧૨–૪૦ | ૪–૩૦ | ૫–૪૫ | ૬–૧૨ |
| ૨૩–૧૧–૨૪ | ૭–૧૩ | ૬–૦૮ | ૧૨–૪૦ | ૪–૩૦ | ૫–૪૬ | ૬–૧૨ |
| ૨૪–૧૧–૨૪ | ૭–૧૪ | ૬–૦૮ | ૧૨–૪૦ | ૪–૩૦ | ૫–૪૬ | ૬–૧૨ |

બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.

ગનીભાઈ એમ. કુંભાર (વારસાગત)
9712597343
હકીમ વૈદ
સ્પે. હાડકા, ફેકચર, ચામડીના રોગો, સંધીવા, સાઈટીકા, કમરનો દુઃખાવો, માથાનો દુઃખાવો, ગેસ, હરસ, મસા તથા દરેક પ્રકારના રોગોનું નિદાન કરનાર
ભીડ નાકા બહાર, મહેંદી કોલોની, સુરલભીટ્ટ રોડ, ભુજ.
સવારે ૯ થી ૧, બપોરે ૩ થી ૬ સુધી
દર રવિવારે બંધ રહેશે

ફીરોઝ ચાકી : Mo. : 99782 21888
તૌસિફ ચાકી : Mo. : 99988 71666
અમીત ઓપ્ટીકસ
ફ્રી કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ
સસ્તું અને સારૂં
દુકાન નં. ૨, શ્રી પ્રસાદ કોમ્પલેક્ષ, મહેરઅલી ચોક, ભુજ-કચ્છ.
ખાવડા મેસુક ઘરની બાજુમાં, હોસ્પિટલ રોડ, ભુજ.





નામ : અબ્બાસ અલીમામદ રાયમા
ધોરણ : ૧૦,
શાળા : ભાદરા હાઈસ્કૂલ,
ગામ : કોટડા મઢ.

**છબી** ‘છબી’ વિભાગમાં વિદ્યાર્થીઓના સ્વહસ્તે દોરેલ ચિત્રો મફત પ્રસિધ્ધ કરવામાં આવે છે. ટપાલ, વ્હોટ્સ એપ નં. 9662933957 કે ઈ-મેઈલ farooqsaptahik@gmail.com દ્વારા ચિત્ર, વિદ્યાર્થીનો ફોટો અને વિગત મોકલી શકાય છે. A-4 સાઈઝના લીટી વગરના કોરા કાગળ પર ચિત્ર દોરવા.

અરેબીક અને ઈન્ડિયન અત્તર, પરફ્યુમ્સ
પરફ્યુમ મેકિંગ મટીરીયલ, લોબાન-બખૂર
તથા હજ-ઉમરાહ હદીયા માટે
ઝમઝમ બોટલ, તસ્બીહ વગેરે આઈટમ્સ
મેળવવા માટેનો વિશ્વાસપાત્ર સ્થળ
હરમૈન પરફ્યુમ્સ
હોલસેલ તથા રિટેલ
عطورات حرمين

વોકળા ફળિયા, ભુજ-કચ્છ.
9638900669 harmainperfumes

# ચિતલ હરણ માટે છિનવાયેલ જમીનમાં ભ્રષ્ટાચાર હોવાની રાવ

(ન્યૂઝ ડેસ્ક)

બન્ની વિસ્તારના અગ્રણી યાકુબ મુતવાએ જણાવ્યું છે કે, બન્નીમાં વન વિભાગે છોડેલા ચિતલ હરણ સુરક્ષિત નથી. જંગલી શિયાળ પર દોષ ઢોળીને વન વિભાગના અધિકારીઓ પોતાનું ભ્રષ્ટાચાર છૂપાવી રહ્યા છે. માધ્યમોમાં એક જ હરણના મોતને જાહેર કરવામાં આવ્યું છે પરંતુ હકીકતમાં હરણના મોત વધુ સંખ્યામાં થયા છે. યાકુબ મુતવાએ RFOની રૂબરૂ મુલાકાત લીધી અને બ્રિડિંગ સેન્ટરમાં જવા માટે પરમિશનની વાત કરી પણ અધિકારીએ ચોખા શબ્દોમાં મુલાકાત કરવાની ના પાડી. અંદર જવાની વાત કરતા વન વિભાગના અધિકારીઓ પોલીસ બોલાવીને સત્ય હકીકત પર પડદો નાખવાનું કામ કરી રહ્યા છે. હકીકતમાં ચિતલ હરણના મોતનો સાચો આંકડો અને સાચું કારણ વન વિભાગે જાહેર કરવું જોઈએ. એક નહીં પણ ૩ થી પણ વધુ હરણનાં મોત થયા હોવાના સમાચાર મળ્યા છે.

૨૦ ચિત્તલ હરણ બન્નીના ગોરેવાલી ગામની બાજુમાં એક વાળમાં ફેન્સિંગ કરી રાખવામાં આવ્યા હતા. ૧૦૦ હેકટર જમીન પશુઓ માટે પ્રતિબંધિત ફરમાવી ચિતા પ્રોજેક્ટની જાહેરાત કરી બન્નીના પશુઓનાં મોઢામાંથી છીનવીને અને માત્ર ૨૦ હરણો માટે ૧૦૦ હેકટર જમીન અનામત જાહેર કરવામાં આવી હતી. બન્ની ભરપૂર ગાંડા બાવળ ધરાવતી જમીન છે. જ્યાં ભેંસ જેવું મજબુત જાનવર જ ટકી શકે. ગાંડા બાવળના કારણે બન્નીમાંથી કાંકરેજ ગાય લુપ્ત થઈ ગઈ, ત્યારે હરણ, ચિતા જેવા પ્રાણીઓ કેવી રીતે ટકશે ? એ બાબત ધ્યાનમાં લેવા જેવી છે.

હરણોના મોત માટે જવાબદાર પરિબળોની તપાસ કરવામાં આવે તેવી માંગ કરાઈ છે. ફોરેસ્ટ વિભાગ અને તંત્ર તાત્કાલિક સત્તાવાર માહિતી જાહેર કરે અન્યથા બન્ની વિસ્તારના બધા આગેવાનો અને યુવાનોને સાથે અને મીડિયા સાથે રાખી ચિતલ હરણના ફેન્સિંગ વાળા વિસ્તારમાં મુલાકાત લઈ અને હરણ કેવી પરિસ્થિતિમાં છે ? કેવી રીતે ટેવાયા છે ? એની માહિતી મીડિયા સામે ઉજાગર કરાશે. ૧૦૦ હેકટર જમીન પશુઓના મોઢામાંથી છીનવી વન વિભાગ આવા ગતકડા કરે એ બિલકુલ સાંખી લેવામાં નહીં આવે અને ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારાઈ છે.

## બહેનો માટે તકરીર

(ન્યૂઝ ડેસ્ક)

તા. ૧૯–૧૧, મંગળવારના બપોરે ૩:૩૦ કલાકે ઈસાલે સવાબ માટે સૈયદા જમીલામા સુખપરવાળાની તકરીર રાખવામાં આવેલ છે જેમાં શિરકત કરવા તમામ બહેનોને જાહેર આમંત્રણ આપવામાં આવે છે. સ્થળ : રમજુભાઈ માંજોઠી નરેડીવાલા, હિનાપાર્ક–૨, ભુજ.

# AIMPLBની સામાન્ય સભા ૨૩–૨૪ નવેમ્બરના મળશે

(ન્યૂઝ ડેસ્ક)

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ (AIMPLB)ની ૨૯મી સામાન્ય સભા તા. ૨૩ અને ૨૪ નવેમ્બરના બેંગલુરૂ ખાતે મળશે તેવું AIMPLBના સદસ્ય મૌલાના મોહમ્મદ અલિફ નક્શબંદીએ જણાવ્યું છે. AIMPLBના અધ્યક્ષ મૌલાના ખાલિદ સૈફુલ્લાહ રહમાની સાથે ચર્ચા વિચારણા બાદ મહામંત્રી મુહમ્મદ ફઝલુર્રહીમ મુજદદ્દી દ્વારા જારી કરાયેલ એજન્ડા મુજબ દારૂલઉલૂમ સબીલુર્રશાદ અરેબિક કોલેજ બેંગલુરૂ (કર્ણાટક)માં સભા યોજાશે.

# કવિ ગુલશનનાં બે પુસ્તક વિમોચિત કરાયા



(ન્યૂઝ ડેસ્ક)

ભુજ ખાતે તા. ૬–૧૧ ના કવિ ઈબ્રાહીમ લુહાર 'ગુલશન' લેખિત 'ગુલશન જ્યૂં સંગરૂ' કાવ્ય સંગ્રહ અને 'હયાતી જ્યું ગાલયું ભાવરેં કે ભેટ' બે પુસ્તકનું વિમોચન પ્રેમજી ભવાનજી ઠક્કર સ્મૃતિ રાષ્ટ્ર ભાષા હિન્દી ભવન હોલ ખાતે યોજાયું.

કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાને ધારાશાસ્ત્રી શંકર સચદે રહ્યા હતા. વિમોચન પદ્મશ્રી નારાયણ જોશી 'કારાયલ', કૃતાર્થસિંહ જાડેજા, બીદડા સર્વોદય ટ્રસ્ટનાં ચેરમેન વિજય છેડા, ટ્રસ્ટનાં મેનેજર જી.એસ. સૈયદ, વહિવટકર્તા ભરત સંગાર, જયંતિ જોશી 'શબાબ', ડો. કાંતિ ગોર 'કારણ', મુસ્લિમ હાઈસ્કૂલ આચાર્ય યુસુફ ટાંક અને હાજી રમઝાન ખત્રીના હસ્તે કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુર્આનથી લુહાર અલીમામદ સિદ્દીકે કરી હતી. કચ્છમિત્રનાં તંત્રી દીપક માંકડ તથા ડો. ઈસ્માઈલ ખત્રીએ શુભેચ્છા સંદેશ પાઠવ્યું હતું.

આ પ્રસંગે શંકર સચદેએ જણાવ્યું હતું કે, ગુલશન કવિનું સાહિત્ય નિરીક્ષણ અદ્‌ભૂત છે. કલમનાં કુશળ કારીગર છે. છેલ્લા ત્રણ દાયકાથી ગુલશન પરિવારનું પરિચય કરાવતા શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે બહોળી સંખ્યામાં સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા Er. સોહિલ લુહારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન હરેશ દરજી 'કસભી'એ કર્યું હતું. આભારવિધિ કવિપુત્ર Er. અ.મજીદ લુહારે કરી હતી.

# કચ્છ ખલીફા ગ્રુપ દ્વારા સ્કોલરશિપ ફોર્મ ભરાયા

(ન્યૂઝ ડેસ્ક)

ગુજરાત સરકારની વિવિધ સ્કોલરશિપ યોજનાઓનું ઓનલાઈન ફોર્મ ભરવાનું હોતાં ખલીફા સમાજના બાળકોને માટે ઘરબેઠા નિઃશુલ્ક ઓનલાઈન ફોર્મ કચ્છી ખલીફા શૈક્ષણિક હેલ્પ ગ્રુપ દ્વારા ભરી આપવામાં આવે છે. આ કામગીરીમાં રશીદ ખલીફા (ગઢશીશા), મઝહર ખલીફા (અંજાર), અબ્બાસ ખલીફા (ભુજ), આદમ ખલીફા (ડુમરા), હનીફ ખલીફા (મથલ), ઈકબાલ ખલીફા (મુંદરા), અલી ખલીફા (લોરિયા), ગની ખલીફા (ભુજ) સહભાગી થયેલ હતા.

# ટપ્પર ડેમથી ગાંધીધામ સુધી માર્ગ પરના દબાણો દૂર કરવામાં આવે : કોંગી અગ્રણીઓ



(ન્યૂઝ ડેસ્ક) GPCCના મહામંત્રી વી.કે. હુંબલે કચ્છ કલેકટર મારફત પાણી પૂરવઠા મંત્રી કુંવરજી બાવળીયાને રજૂઆત કરી છે કે, અંજાર તાલુકાના પાણી પૂરવઠા વિભાગ પાસે પોતાની માલિકીની કેટલી જમીન ક્યા ગામે છે તેમની કોઈ માહિતી તેમની પાસે નથી, જેના કારણે વર્ષો પહેલા પાણી પૂરવઠા બોર્ડે ૧૯૬૬માં જમીન સંપાદન કરેલ છે, જેની રેવન્યુ રેકર્ડમાં નોંધ પડી ગયેલ હોવા છતાં આટલા વર્ષો પછી પણ પાણી પૂરવઠાના રેકોર્ડ પર આ જમીન બોલતી નથી. પાણી પૂરવઠા બોર્ડ દ્વારા ટપ્પર ડેમથી રામબાગ સુધી કંડલા કોમ્પલેક્ષને પીવાનું પાણી મળી રહે તે માટે પાણીની લાઈનો તેમજ રોડ માટે ૨૪ થી ૨૬ મીટર સુધી ટપ્પર, ભીમાસર, અજાપર તથા વરસામેડી ૪ ગામોની જમીનો સંપાદન કરવામાં આવેલ છે. પરંતુ પાણી પૂરવઠા બોર્ડની બેદરકારીના કારણે આ જમીન ઉપર બિલ્ડરોએ મોટેપાયે દબાણો કરેલ છે અને આ રોડ ઉપરથી પાણી પૂરવઠાના અધિકારીઓ દરરોજ ટપ્પર ડેમ ઉપર જાય છે, તેમ છતાં પાણી પૂરવઠા અધિકારીઓને દબાણો દેખાતા નથી.

નવાઈની બાબત તો એ છે કે પાણી પૂરવઠાને કંડલા કોમ્પલેક્ષને પાણી આપવા માટે નવી લાઈનો નાખવી હોય તો પણ આ દબાણકર્તાઓ બિલ્ડરો તેમજ ભાજપના નેતાઓ નાખવા દેતા નથી અને જેના કારણે પાણી પૂરવઠા બોર્ડએ લાચારીથી પોતાની માલિકીની જમીન હોવા છતાં ડામર રોડની વચ્ચે ખોદાણ કરી લાઈનો નાખવી પડે છે, પરંતુ દબાણો હટાવવાની હિમ્મત પાણી પૂરવઠા બોર્ડની નથી.

તાજેતરમાં સુખપર પાણી યોજના મંજૂર થયેલ છે, જેમાં ૧૦ થી ૧૨ ગામોનો સમાવેશ થયેલ છે, આ યોજનામાં ટાંકાઓ બની ગયેલ છે પરંતુ ખેડૂતો લાઈન નાખવા દેતા નથી.

આ રજૂઆતમાં રમદેવસિંહ જાડેજા, કિશોરદાન ગઢવી, ગની કુંભાર, હાસમ સમા, અંજલિ ગોર, ધીરજ ગરવા ઉપસ્થિત રહ્યા હતા.

# સુન્ની મુસ્લિમ આગરીયા સમાજ : ૧૭મી સમૂહ શાદી યોજાઈ

## ૧૯ યુગલ નિકાહના મુકદ્દસ બંધનથી જોડાયા



(ન્યૂઝ ડેસ્ક)

મથડા, તા. અંજાર ખાતે તા. ૧૦–૧૧, રવિવારના સમસ્ત કચ્છ સુન્ની આગરીયા મુસ્લિમ સમાજ દ્વારા આયોજિત ૧૭મી સમૂહ શાદીનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૯ નવ દંપતીઓના નિકાહની અદાયગી કરવામાં આવી હતી.

સમૂહ શાદી કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુર્આનથી મૌલાના ઈસ્માઈલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મૌલાના ઝાકિર દ્વારા નાત–નઝમ પઢવામાં આવી હતી. મુકર્રીરે ખાસ સૈયદ સલીમશા બાપુ વિંઝાણ વાળાએ તકરીરમાં કહ્યું, ઈસ્લામના આખરી પયગમ્બર હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સીરત મુબારક મુજબ મુસ્લિમોએ જીવન ગુજારવું જોઈએ. આગરીયા મુસ્લિમ સમાજ દ્વારા સમૂહ શાદીમાં સાદગી અને સુવ્યવસ્થિત આયોજનને બિરદાવી દુલ્હા–દુલ્હન તથા તેમના વાલીઓ તેમજ સમાજને મુબારકબાદ પાઠવી હતી. આ પ્રસંગે મુસ્લિમ સમાજના અગ્રણી હાજીસલીમ જતે જણાવ્યું હતું કે સમૂહ શાદી એ વર્તમાન સમયની અતિ આવશ્યક જરૂરિયાત છે. સમૂહ શાદીથી જ સમયની સાથે સાથે વ્યર્થ ખર્ચ પણ થતો નથી તેમજ સમાજને સમાનતા તરફ લઈ જાય છે. આગરીયા સમાજના સુંદર આયોજનને બિરદાવી આયોજક સમિતિની પ્રસંશા કરી હતી. આગરીયા મુસ્લિમ સમાજના આગેવાન હાજીમોહંમદ આગરીયાએ નવદંપતિઓ તેમજ તેમના વાલીઓને મુબારક બાદ પાઠવતા જણાવ્યું હતું કે તમારા ઘરમાં વહુ બનીને જે દીકરી આવે છે. તેને પોતાના ઘરનો હિસ્સો બનાવી મા–બાપ પોતાની દીકરી તરીકે નિભાવ કરે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

આગરીયા સુન્ની મુસ્લિમ સમાજના ધર્મગુરુ સૈયદ આફતાબઅહેમદ બાવાએ આગરીયા સમાજનો પ્રથમ સમૂહ શાદીનું આયોજન કરી પ્રેરણા આપનાર મર્હૂમ સૈયદ અહેમદશા બાપુની કુરબાનીઓને યાદ કરી સૌને મુબારકબાદ પાઠવી. આગરીયા સમાજ હંમેશા સાદગી અને અમન પસંદ રહ્યો છે. ત્યારે આગરીયા સમાજ આવનાર સમયમાં અન્ય ક્ષેત્રોમાં પણ ખૂબ પ્રગતિ કરે તેવી દુઆ ગુઝારી હતી. સમૂહ શાદી કાર્યક્રમમાં નિકાહની અદાયગી સૈયદ નિઝામુદ્દીન બાપુ તથા સૈયદ ઈબ્રાહીમશા બાપુ (રાજકોટવાળા) દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન મૌલાના સુલેમાન માંજોઠી (માંડવીવાળા) દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ આભારવિધિ આગરીયા સમાજના અગ્રણી હાજીહુસૈન આગરીયા દ્વારા કરાઈ હતી.

સમૂહ શાદી આયોજક સમિતિ દ્વારા સમૂહ શાદી કાર્યક્રમમાં ઉપસ્થિત સૈયદ સાદાત, ઉલમાએ કિરામ, સામાજિક આગેવાનો, સમિતિના પૂર્વ પ્રમુખો તેમજ સખી દાતાઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સમૂહ શાદી કાર્યક્રમમાં મુસ્લિમ સમાજના સૈયદ વાહિદ પીરઝાદા, હાજીજુમા રાયમા, સૈયદ અનવરશા બાવા, સૈયદ અશરફશા બાવા, અબ્દુલ રાયમા, સાદિક રાયમા, હાજીયુસુફ સંઘાર, હાજીદાઉદ બોલીયા, ગુલામશા શેખ, રમઝાન બાયડ, હનીફ મેમણ, ગુલામહુસૈન સમેજા, સુલતાન તુર્ક, વસીમ સોઢા, રફીક તુર્ક, અસલમ તુર્ક, હનીફ જત, નજીબ અબ્બાસી, અનવર ખત્રી, ભાકરશા પીરઝાદા, હાજીનૂરમામદ રાયમા, સલીમ રાયમા, યાકુબ થરાણી, હાજી નૂરમામદ મંધરા, ઈશાક હિંગોરા, ઈસ્માઈલ સોનેજી, ફકીરમામદ અબડા, આદમ આગરીયા, હાજીઅબ્દુલ આગરીયા, હાજી ઈસ્માઈલ આગરીયા, અકબર આગરીયા, અયુબ મથડા, યાહ્યા ખત્રી, હુસૈન કુંભાર, અઝીઝ હિંગોરજા વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહી દુલ્હા–દુલ્હન અને તેમના વાલીઓ તથા આયોજક સમિતિ અને સમસ્ત આગરીયા સમાજને મુબારક બાદ પાઠવી હતી.

સમૂહશાદી કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા સમૂહ શાદી સમિતિના પ્રમુખ સુલતાન આગરીયા, ઉપપ્રમુખ અબ્દુલ આગરીયા, મંત્રી ઈસ્માઈલ આગરીયા, સહમંત્રીઓ હાજી આદમ અને ઈસ્માઈલ આગરીયા, ખજાનચી યુસુફ આગરીયા, સહ ખજાનચી હૈદરઅલી અને હુસૈન આગરીયા તેમજ સમિતિના સભ્યો ઓસમાણ આગરીયા, મહમદઅલી આગરીયા, રમઝાન આગરીયા, ઈસ્માઈલ આગરીયા, અકબર આગરીયા, શબ્બીરઅલી આગરીયા, રજ્જબઅલી આગરીયા, શોકતઅલી આગરીયા, ઈસ્માઈલ આગરીયા, હુસૈન આગરીયા, રમઝાન આગરીયા, હુસૈનઅલી આગરીયા, ઈશા આગરીયા, અલ્તાફ આગરીયા, અબ્દુલકરીમ આગરીયા, હાજીજુસબ આગરીયા, ઓસમાણ આગરીયા, કાસમ આગરીયા, રીઝવાન આગરીયા, સુલતાન આગરીયા, સદામ આગરીયા, અલીમામદ આગરીયા, કાસમ સુમાર આગરીયા તેમજ સમસ્ત આગરીયા મુસ્લિમ સમાજના યુવાઓએ જહેમત ઉઠાવી હતી એવું આયોજક સમિતિના પ્રમુખ સુલતાન આગરીયાની યાદીમાં જણાવ્યું હતું.

# અદાણી પોર્ટે કાર્ગો સંચાલનમાં સર્વોચ્ચ માસિક બેન્ચમાર્ક સેટ કર્યો



(ન્યૂઝ ડેસ્ક)

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ)એ ભારતની સૌથી મોટી પોર્ટ અને લોજિસ્ટિક કંપની છે. અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન (APSEZ) સંચાલિત પોર્ટ એન્ડ લોજિસ્ટિક સર્વિસિસમાં ઓકટોબર મહિના દરમિયાન ઓપરેશનલ કામગીરીમાં વધારો નોંધાયો છે. APSEZ સમગ્ર પોર્ટો ખાતે ઓકટોબરમાં કુલ 37.9 મિલિયન મેટ્રિક ટન (MMT) કાર્ગોનું સંચાલન કર્યું હતું. આ સાથે કંપનીના YTD (વર્ષ–ટુ–ડેટ) કાર્ગો હેન્ડલિંગમાં વધારો થયો છે.

મુંદરા બંદરે CT - T2 એ ઓકટો.–૨૦૨૪માં 1,18,397 કન્ટેનર તથા 65 જહાજોનો નવો સર્વોચ્ચ માસિક બેન્ચમાર્ક સેટ કર્યો હતો. મુંદરા પોર્ટના કન્ટેનર ટર્મિનલ T2 ખાતે AMCT T2 એ અગાઉ જુલાઈ ૨૦૨૪માં 98,725 કન્ટેનર અને 55 જહાજોનું સર્વોચ્ચ સંચાલન કર્યું હતું. આ ઉપરાંત અદાણી રેલ્વે સર્વિસિસમાં મુંદરા પોર્ટે ઓકટોબર–૨૦૨૪માં કુલ 1,857 ટ્રેનોમાંથી 246 ગુડ્સ ટ્રેન, 1,611 કન્ટેનર ટ્રેનો (832 નિકાસ અને 1025 આયાત) થવા પામી હતી, જે અગાઉના ગુડ્સ અને કન્ટેનર ટ્રેન સહિત કુલ 1,852 ટ્રેનોના સંચાલનનો રેકોર્ડ તોડીને નોંધપાત્ર સિધ્ધિ હાંસિલ કરી છે. મુંદરા પોર્ટ ખાતે SPRH ફેસિલિટી ખાતે 662 ટ્રેનનું સફળ સંચાલન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ ફેસિલિટી ખાતે માર્ચ–૨૪માં સૌથી વધુ 663 ટ્રેન હેન્ડલિંગ કરવામાં આવ્યું હતું.

નાણાકીય વર્ષના પ્રથમ દસ મહિનામાં APSEZનું કાર્ગો વોલ્યુમ 257.7 MMT સુધી પહોંચ્યું હતું. વાર્ષિક ધોરણે તેમાં 8% નો વધારો થયો છે. APSEZનું લોજિસ્ટિક્સ રેલ વોલ્યુમ 11% YoY વધીને 0.36 મિલિમયન કન્ટેનરનું થયું છે, જ્યારે જનરલ પર્પઝ વેગન ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ વોલ્યુમ વાર્ષિક દરે 18% વધીને 12.5 MMT સુધી પહોંચ્યું છે.


ઈસ્લામી ડટ્ટા
દિવાળીથી દિવાળી







ઝમઝમ બોટલ
તસ્બીહ
ટોપી
મુસલ્લા
મુસ્તફા કિતાબ ઘર
સુમરા ડેલી સામે, ભુજ-કચ્છ. ફોન નં. +91 99092 26786

બંગલો વેચવાનો છે
2BHK ફર્નિશ્ડ
ઓધવ વંદના-૨, એરપોર્ટ રોડ, ભુજ. ફોન : 78628 40226

એ.કે. ફેબ્રીકસ
નમાઝ ટોપી, હાજી રૂમાલ
ઓઢણા સ્કાર્ફ રૂમાલી



વિમલ સ્ટેશનરી પાસે, સિધ્ધી બુક સ્ટેશનરી સામે, બેઝમેન્ટ, કચ્છી દશા શ્રીમાળી જૈન વાડી, વાણીયાવાડ, ભુજ-કચ્છ.
ફોન : ૯૪૦૮૪૪૬૯૫૯, ૯૧૦૬૬૯૭૯૩૦, ૯૪૨૬૬૭૮૬૦૬.

રજી. નં. ઈ-૩૩૫૦/કચ્છ.
મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ
નવા રેલ્વે સ્ટેશન સામે, ભુજ-કચ્છ. ફોન : ૭૩ ૮૩ ૮૫ ૩૩ ૫૦
તા. ૧૨/૧૧/૨૦૨૪ સુધી મળેલ દાન

| | | |
|---|---|---|
| 1,01,100/- | નફીસ વઝાહત ધાફરાણી | ભુજ |
| 11,000/- | સુમરા જુણસ આમદ | ખિરસરા (કોઠારા) |
| 49,500/- | ખત્રી હમીદાબેન ઈદ્રીશ | સુમરાસર (શેખ) |
| 10,786/- | ખલીફા રઝાકભાઈ | ધુણઈ |
| 12,786/- | અજરખપુર મજદૂર સંગઠન | અજરખપુર |
| 5,100/- | અબડા હાજી રમઝાન અલીમામદ | અંજાર |
| 5,100/- | હિંગોરા ઓસમાણ ફકીરમાદ | પુનડી |
| 5,100/- | હિંગોરા હાસમ ફકીરમામદ | પુનડી |
| 1,51,786/- | હિંગોરા પીરમહંમદ ફકીરમામદ | પુનડી |
| 51,000/- | આગરીયા હાજી મોહમ્મદ મુસા | ભુવડ |
| 51,000/- | મૌલાના સૈયદ હાજી ગુલામમુસ્તફાશા હાજી મોહમ્મદશા | દયાપર |
| 51,000/- | કુંભાર ઉમર ઈબ્રાહીમ | માતાનામઢ |
| 1,00,000/- | સુમરા હાજીભાઈ નાથા | લાખાપર |

રૂા. ૫,૦૦૦/- થી વધુ દાન આપનાર દાતાઓના નામ 'ફારૂક' સાપ્તાહિકમાં તેમની સહમતી થી પ્રસિધ્ધ કરવામાં આવશે


Editor, Printer, Publisher and Owner Yousuf A. Jat, Printed at Elite Printers, Opp. Sumra Deli, Bhuj-Kutch and Published from Maiwali street, Sawaya faliya, Bhuj-Kutch(Gujarat). Mo. : 98253 76396

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક યુસુફ એ. જત; મુદ્રણ સ્થાન : એલાઈટ પ્રિન્ટર્સ, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છથી છાપીને માઈવાલી શેરી, સવાયા ફળીયા, ભુજ–કચ્છથી પ્રસિદ્ધ કર્યું. મોબાઈલ : ૯૮૨૫૩ ૭૬૩૯૬, E-Mail : farooqsaptahik@gmail.com